

રમેશ ઠક્કર

# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

નવ કરશો કોઇ શોક, રસિકડાં, નવ કરશો કોઇ શોક.
યથાશકિત રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી.
પ્રેમી અંશને રુદન આવશે, શઠ હરખાશે મનથી.
મર્મ ન સમજે બકે શંખ શઠ, વાંકું ભણે બહુ પણથી.
એક પીડમાં બીજી ચીડથી, જળશે જીવ અગનથી.
હતો દુખિયો થયો સુખિયો, સમજો છૂટ્યો રણથી.
મૂઓ હું તમે પણ હજી મરશો, મુક્ત થશો જગતમથી.
હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી.
વીરસત્ય ને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી.

નર્મદ

## પાથેય

# નિત્ય નિરંતર નર્મદ...

આજે કવિ નર્મદનો જન્મદિવસ છે.કોઇ કવિની આગળ વીર વિશેષણ લાગતું હોય એવો જગતનો એકમાત્ર કવિ એટલે વીર નર્મદ. ગુજરાતી સાહિત્યને આધુનિક સ્પર્શ આપનારો..અનેક માઇલસ્ટોન મૂકી જનાર સર્જક.ડગલું ભર્યું કે ના હઠવું એવું ખુમારી પૂર્વક કહી કલમને ખોળે માથું મૂકનાર આજીવન શબ્દનો ભેખધારી અર્વાચીનોમાં આદ્ય ગણાય છે.સાહિત્ય માટેની એની તત્પરતા જુઓ...

"મારું મન કવિતા તરફ લાગેલું તેથી મને સ્કુલમાં છોકરાઓ સાથે માથું ફોડવું દુરસ્ત ન લાગ્યું ' સાડા દસથી તે પાંચ લગી કાહુ કાહુ થાય.' એ કવિત જે રસપ્રવેશમાં છે તે મેં મારા સ્નેહી સ્કુલના આસિસ્ટંટ માસ્તરોને દેખાડ્યું. તેઓએ કહ્યું કે વાત તો ખરી છે. નિશાળમાં કામમાં દીલ ન લાગ્યાથી મેં મારા બાપને પુછ્યા વનાં જ નવેમ્બરની ૨૩ મીએ સ્કૂલની નોકરી છોડી દીધી. મેં ઘરે આવી કલમના સામું જોઈ આંખમાં તેને ઝળઝળીયાં સાથે અરજ કરી કે ' હવે હું તારે ખોળે છઉં'

ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા "મારી હકીકત "એણે લખી.એમાં એની નિખાલસ કેફિયત વાચકોને સ્પર્શી જાય છે.જાણીતા લેખકદિનકર જોષીએ નર્મદના જીવનને ઉજાગર કરતી "એક ટુકડો આકાશનો". શિર્ષકથી જીવનકથા લખી છે.એ વાંચવા જેવી છે.૨૪/૦૮/૧૮૩૩ ના રોજ જન્મેલ અને ૨૬/૦૨/૧૮૮૬ના રોજ અવસાન પામેલ નર્મદ માત્ર ૫૩ વરસ જીવ્યો હતો.આખું જીવન એ સત્ય અને શબ્દ માટે ઝઝૂમતો રહયો..

નર્મદ આપણા સહુ માટે આશ્ચર્યચિન્હ સમાન વ્યકિતત્વ છે.અર્વાચીનોમાં આદ્ય અને યુગપ્રવર્તક, સુધારક.નર્મદ ત્રેપન વરસ જીવ્યો હતો.એણે ગુજરાતી ભાષાનો સૌ પ્રથમ શબ્દકોશ નામે 'નર્મકોશ' માત્ર ત્રીસ વરસની ઉંમરે આપ્યો.અંધશ્રદ્ધા, વહેમ, જડતા, દંભની સામે એ એકલપંડે લડયો હતો.લેખકે આ જીવનકથામાં નર્મદની જીવનીને કલ્પનાના આવરણથી રસપ્રદ બનાવી છે..."જય જય ગરવી ગુજરાત" નું ગુર્જરગાન આપનાર મહાન કવિ નર્મદ "મારી હકિકત" નામે આત્મકથા પણ આપે છે.જે ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ આત્મકથા છે.એણે ' ડાંડિયો' નામે સુધારાનું અખબાર પણ ધમધોકાર ચલાવેલું.

નર્મદ વિધવા વિવાહનો હિમાયતી હતો.અને એણે સ્વયં વિધવા સાથે લગ્ન પણ કરેલાં.."વીર, સત્ય ને રસિક ટેકીપણું..અરિ પણ ગાશે દિલથી." એવું કહેનાર નર્મદને આપણે 'વીર નર્મદ' કહીએ છીએ. કોઈ કવિને પ્રજા તરફથી આવી ઉપાધી મળી હોય એવી આ એકમાત્ર ઘટના હશે !સુધારક નર્મદના નિબંધો આપણા સાહિત્યનો અમર વારસો છે.એનાં કાવ્યો લોકભોગ્ય છે.."ડગલું ભર્યું કે ના હઠવું" કહેનાર એ વિરલ કવિ છે.."એક ટુકડો આકાશનો" નામની આ કથા નર્મદના જીવનના વિવિધ પ્રસંગોને સુપેરે ઉપસાવે છે..જેમાંથી નર્મદની આકર્ષક છબી ઉપસે છે..."ગુજરાતીઓ આરંભે શુરા " એવું નિદાન કરનાર નર્મદ નાની ઉંમરે ઘણા માઈલસ્ટોન જેવા વિક્રમો સર્જી ગયો છે.એની યુવા છબિ જ આપણા મનમાં છવાયેલી છે અને એટલે જ આપણે એને તું કહીને સંબોધીએ છીએ...નર્મદ નિત્ય યુવાન કવિ છે...પ્રસ્તુત નવલકથા આપણને એક એવા ગુજરાતી સર્જકનો પરિચય કરાવે છે જે સ્વયં એક સુધારક છે.જીવનના અંતે 'નવ કરશો કોઈ શોક રસિકડાં' કહી પોતાની કાલ્પનિક વિદાયનું આલેખન કરતો નર્મદ આપણી આંખ ભીની કરી જાય છે!!

# મમ્મીને તો બધી વાતમાં પૈસાનો હિસાબ હોય છે



સ-રસ

મમતા બુચ

"તારી મમ્મી તો બધી વાતમાં ચીકણી છે! તું તારે એન્જોય કર." દિનેશભાઈ બોલ્યા. "પપ્પા, યૂ આર એબ્સોલ્યુટલી રાઈટ." તૃષિત બોલી પડ્યો. "હાસ્તો, મમ્મીને તો બધી વાતમાં પૈસાનો હિસાબ હોય છે. મમ્મી, હવે તો સુધર! મોંઘો આઈસક્રીમ ખાતાં શીખ!" કામિનીએ માને ટોકી. "અને ખવરાવતાં શીખ! બહાર નીકળ્યા પછી આટલી બધી ગણતરી ના કરવાની હોય." દિનેશભાઈએ પત્નીને શિખામણ આપી.

પણ પૂર્વીબેન જેનું નામ! એ ધીમેકથી બોલ્યાં, "એવું હોય તો તમે બધાં મોંઘો આઈસક્રીમ ખાવ. અમે તો નાનપણમાં પણ આટલું બધું મોંઘું ખાધું નથી તો હવે ખાઈને શું કરવાનું?" દિનેશભાઇ બોલ્યા, "એ જ વાત છે ને ત્યારે! પહેલાં આપણાં મા-બાપની પરિસ્થિતિ એવી નહોતી કે આપણને જે ભાવે એ ખાઈ શકાય. પણ હવે તો આપણે બે પાંદડે થયાં છીએ. હવે શું કામ આટલી કંજૂસાઈ કરે છે બધી વાતમાં?" પૂર્વીબેન મૌન રહ્યાં. દિનેશભાઇએ ઉમેર્યું, "તું આવું કરે છે ને એટલે જ છોકરાંઓનો મૂડ મરી જાય છે. આ બધા પૈસા કોઈ છાતીએ બાંધીને લઈ જવાનું છે? અને આપણે જીવી-જીવીને કેટલાં વરસ જીવશું હવે? તું તારે મજા કર અને મજા કરવા દે."

દિનેશભાઈની વાત સાવ ખોટી નહોતી. પૂર્વીબેન ભાગ્યે જ પોતાના માટે પૈસા ખર્ચતાં. હા, પતિ અને બાળકો માટે એ ક્યારેય પૈસાનું વિચારતાં નહીં. એમને ગમે એવી વસ્તુઓ લઈ આવવી, એમને ભાવતી વાનગીઓ બનાવવી- એ બધું એમને ઘણું ગમતું પણ એમાં પણ એ શક્ય એટલા ઓછા પૈસામાં બધું થાય એવો પ્રયત્ન કરતાં.

કામિનીની કાયમની ફરિયાદ રહેતી. "મમ્મી, અમે નાનાં હતાં ને ત્યારથી તું બહુ ચિંગૂસાઈ કરે છે. મારી બહેનપણીઓને એમનાં પેરેન્ટ્સ નવું પિક્ચર રીલીઝ થાય એટલે પહેલા જ દિવસે જોવા લઈ જતાં અને હું બહુ જીદ કરું તો તું મને પાંચ રૂપિયાનો ફુગ્ગો અપાવીને એમ કહેતી કે બેટા, આનંદ તો ગમે ત્યાંથી મેળવી શકાય. આ ગરીબ બાળક ધૂળમાં રમે છે ને એ પણ ખુશખુશાલ છે કારણકે એને ધૂળમાંથી પણ આનંદ મળે છે. મમ્મી, તું લુચ્ચી તો બહુ હોં!" પૂર્વીબેન ખડખડાટ હસી પડતાં. "કામિની, તું પૈસા બચાવતાં શીખીશ તો ભવિષ્યમાં તને જ ફાયદો થશે. પારકે ઘરે કેવી પરિસ્થિતિ હોય, શું ખબર!" તૃષિત બોલી પડતો, "મમ્મી, એ જમાના ગયા! હવે એવી ચિંગૂસાઈમાં કોઈ જીવતું નથી. અને દીદી તો ભણેલી-ગણેલી છે. પોતાના પગ ઉપર ઊભી રહી શકે એમ છે. એને તું અત્યારથી ઢીલી-પોચી ના બનાવીશ." પૂર્વીબેન કહેતાં, "અમે તો નાનાં હતાં ને ત્યારે અમારા મામા અમારા માટે એકાદી પેન્સિલ પણ લાવતા ને તો અમે ખુશ થઈ જતાં ને દિવસો સુધી બહેનપણીઓ આગળ વટ મારતાં!" આ સાંભળીને દિનેશભાઇ વરસી પડતા, "તું આજથી ચાલીસ વરસ પહેલાંની વાતો કરે છે! હવે આવી માનસિકતામાંથી બહાર આય અને શાંતિથી જીવ!" પૂર્વીબેન દલીલ કરવાનું માંડી વાળતાં.

પણ આજે તો કામિનીનો જન્મદિવસ હતો. સવારથી જ એ ખુશ-ખુશ દેખાતી હતી. એના બહોળા ફ્રેન્ડ-સર્કલને એણે સાંજે ઘરે જમવા માટે આમંત્રિત કર્યું હતું. પૂર્વીબેનને જ્યારે એણે એ બાબતે પૂછ્યું ત્યારે એના મનમાં થોડી બીક તો હતી કે મમ્મી કદાચ આનાકાની કરશે પણ પૂર્વીબેને એને ખુશી-ખુશી હા પાડી હતી. એટલું જ નહીં, કામિનીને ભાવતાં ગુલાબજાંબુ પણ એમણે બનાવવાનું વિચાર્યું હતું. જો કે દિનેશભાઈએ તો કહ્યું પણ ખરું કે આટલાં બધાં જણાંનાં ગુલાબજાંબુ એકલે હાથે બનાવવાની શું જરૂર છે, એ તો બહારથી પણ મંગાવી લેવાય પણ એમ ખર્ચો કરે તો પૂર્વીબેન શાનાં? એમણે ગુલાબજાંબુ જ નહીં, બધો જ નાસ્તો ઘરે બનાવવાનું નક્કી કર્યું.

નિર્ધારિત સમયે મિત્ર-મંડળ આવી પહોંચ્યું. કામિની સજી-ધજીને તૈયાર હતી. ગુલાબી રંગના ડ્રેસમાં એ પરી જેવી લાગી રહી હતી. દોસ્તો ઉમળકાભેર એકબીજાને મળ્યા. તૃષિત અને દિનેશભાઈએ બધાંને પ્રેમથી આવકાર્યાં. પૂર્વીબેન રસોડામાં કામમાં મગ્ન હતાં. મિત્રો એકબીજા સાથે વાતોમાં મશગૂલ થઈ ગયાં.

પૂર્વીબેન થોડી વારમાં ગુલાબજાંબુ અને ગરમ નાસ્તા સાથે બહાર આવ્યાં. કામિની સામે ફરીને એમણે કહ્યું, "બેટા, તારા હાથે જ બધાંને નાસ્તો આપ. કઈં વધારે જોઈએ તો કહેજે." દિનેશભાઈ અને તૃષિતે પણ એમના સાદમાં સાદ પૂરાવ્યો. પૂર્વીબેન પાછું ફરીને રસોડાં તરફ જતાં જ હતાં ત્યાં કામિનીની ફ્રેન્ડ પાયલ બોલી ઊઠી, "કામિની, આ તારાં રસોઈવાળાં માસી બહુ જ પ્રેમાળ છે, હોં! કેટલા પ્રેમથી જમાડે છે!" બીજા બે-ત્રણ મિત્રોએ પણ એને અનુમોદન આપ્યું.

કામિની કાપો તો લોહી ન નીકળે એમ થીજી ગઈ. થોડી ક્ષણો પછી એ માંડ-માંડ બોલી શકી, "પાયલ, આ અમારાં રસોઈવાળાં માસી નથી, મારી મમ્મી છે. હું હજી બધાં સાથે એને ઇંટ્રોડ્યુસ કરું એ પહેલાં તો......" વાતાવરણમાં સ્તબ્ધતા છવાઈ ગઈ. પાયલ થોથવાઈ ગઈ. "એમની સાડી સાવ મામૂલી.....આઈ મીન સિમ્પલ છે એટલે મને એવું લાગ્યું કે....હું તો એમને પહેલી જ વાર મળી એટલે....સોરી, કામિની...." કામિનીના ચહેરા ઉપર ક્ષોભ ઊતરી આવ્યો. "ના પાયલ, તારો વાંક નથી. તારી વાત સાચી છે. એણે કપડાં જ એવાં પહેર્યાં છે કે..." પૂર્વીબેન ધીમેથી બોલ્યાં. "કોઈ વાંધો નહીં પાયલ બેટા, મારે રસોડામાં કામ હતું એટલે મેં બહુ ભારે કપડાં નથી પહેર્યાં." પાર્ટી ઝટપટ પૂરી થઈ ગઈ અને તે ય ફિક્કી રહી. વાતાવરણમાં ક્ષોભ વર્તાઈ રહ્યો.

બધાંએ વિદાય લઈ લીધા પછી કામિની રડી પડી. "મમ્મી, જરાક તો વિચાર કર. મારાં ફ્રેંડ્સ આગળ મારી શું આબરૂ રહી?" પૂર્વીબેને પ્રેમથી દિકરીના માથે હાથ ફેરવ્યો. "બેટા, માણસ કપડાંથી નથી ઓળખાતું. એ એના ગુણોથી અને હોંશિયારીથી ઓળખાય છે." દિકરીને મૂડમાં લાવવાનો પ્રયત્ન પણ કરી જોયો. "જો, એક વાત કહે. સાદાં કપડાં પહેરેલી માએ નાસ્તો કેવો સરસ બનાવ્યો હતો!" પણ કામિનીનો જીવ ઠરતો નહોતો. "આ બધી મન મનાવવાની વાતો છે મમ્મી. આજનો દિવસ જ મળ્યો હતો ભગવાનને આવું બધું કરવા?"

દિનેશભાઈનું મન પણ ખાટું થઈ ગયું હતું. દિકરીનું મન આનંદમાં લાવવા એમણે બધાંને બહાર લટાર મારવા જવાનું સૂચન કર્યું. પરાણે કામિની તૈયાર થઈ. ચારે ય જણાં બહાર નીકળ્યાં.

ત્યાં ક્યાંકથી જમ જેવો એક ખટારાએ પૂરપાટ વેગે આવીને ચારે ય ને ફંગોળી દીધાં. પૂર્વીબેનનું માથું ડિવાઇડર સાથે અથડાયું. ખોપરી ફાટી ગઈ. એમણે ત્યાં જ પ્રાણ ત્યજી દીધા. તૃષિત બેભાન પડ્યો હતો. થોડા હોશમાં રહેલા દિનેશભાઈ બેહોશી તરફ સરકી રહેલી કામિની પાસે દોડ્યા. ભેગા થઈ ગયેલા ટોળાંની મદદથી એ પાસે આવેલી હોસ્પિટલમાં પરિવારને લઈને પહોંચ્યા.

પૂર્વીબેનને બતાવીને હાંફળા-ફાંફળા થઈને ડોક્ટરને પૂછી રહેલા દિનેશભાઈને જવાબ આપી રહેલા ડોક્ટરના શબ્દો અર્ધબેહોશ કામિનીના કાને અથડાયા. "અરે, આ તો પૂર્વીબેન છે! અમારે ત્યાં છેલ્લાં સત્તરેક વર્ષથી પોતાની બચતમાંથી હોસ્પિટલને મદદ કરતાં રહ્યાં છે. ક્યારેક ગરીબ દર્દીની દવાના પૈસા આપી જાય છે તો ક્યારેક હોસ્પિટલ માટે નાનું મશીન ખરીદવાના! તમારે એક પણ પૈસો અહીં ખર્ચવાની જરૂર નહીં પડે. આ હોસ્પિટલ પર એમનું ઋણ છે." કામિનીએ માના નિષ્પ્રાણ દેહ તરફ નજર ફેરવી. સસ્તી સાડીમાંથી અમીરીની ખુશ્બૂ આવી રહી હતી.

- mtabuch150@gmail.com

# રખ વિશ્વાસ તું હૈ શિવ કા દાસ



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

હાલ થીયેટરમાં ચાલી રહેલી અક્ષય કુમારની ફિલ્મ "ઓહ માય ગોડ ૨"માં ઉપરની વાત ઘણી વખત સંભળાય છે. જો કે હું તો આ ફિલ્મને પંકજ ત્રિપાઠીની ફિલ્મ કહીશ. હા, સાચે જ ફિલ્મનો ખરો હીરો અક્ષય કુમાર નહિ પણ પંકજ ત્રિપાઠી છે. એક પિતા તરીકે એમણે ફિલ્મમાં જે રોલ નિભાવ્યો છે, સિસ્ટમ સામે જે લડત આપી છે એ તો અદ્ભુત છે જ એ સાથે મને ગમ્યું એમનું શિવજીના ભગત હોવું. જ્યારે પણ ભક્તના દિલમાંથી ભગવાન માટે પોકાર ઉઠે એ આવે છે અને એ અનુભવ કોઈ બીજાને થઈ રહ્યો હોય, ભલે ફિલ્મમાં જ થઈ રહ્યો હોય તોય એ જોઈ મારા રુંવાડા ઉભા થઈ જાય છે. બની શકે છે મારામાં આસ્થા નામનું તત્વ થોડું વધારે પડતું છે પણ મને નથી લાગતું કે એ નુકશાનકારક છે.

હમણાં પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. ચારેબાજુ ઉપવાસ અને ઉપાસનાની વાત ચાલી રહી છે ત્યારે થોડીક ધાર્મિક ચર્ચા કરી લેવામાં કોઈ વાંધો નહી આવે એવું હું માની લઉં છું...

આજની વાતના નાયક છે છગનભાઈ. એમના ઘરની નજીક જ એક શિવાલય આવેલું છે. રોજ સવારના ઘરમાં બૂમાબૂમ કરી બધાને ખલેલ પહોંચાડયા કરતાં એ ત્યાં શિવાલયમાં જઈને બેસી જાય છે. આમ એ કોઈ મહાન શિવભક્ત નથી સાથે નાસ્તિક પણ નથી. એમને બસ મંદિરના ઓટલે બેસી ભગવાનને ફરિયાદ કર્યા કરવાની કહો કટેવ પડી ગઈ છે.

એકવાર એ મંદિરના ઓટલે બેઠાં કયા શેરમાં નાણાં રોકવાથી એકાદ વરસમાં જ એ ડબલ થઈ જાય એમ વિચારી રહ્યા હતા. ભગવાનને ફરિયાદ કરી રહ્યા હતા કે આખી દુનિયામાં આટલા બધા રૂપિયા ફર્યા કરે છે અને એમના જ ગજવા કેમ ખાલી? ભગવાન એમને કેમ કોઈ એવો રસ્તો નથી દેખાડતા જેનાથી વરસમાં જ એમના રૂપિયા ડબલ થઈ જાય અને દીકરાની આવતા વરસની કોલેજની ફી ભરાઈ જાય. મનોમન બબડાટ કરતા એમણે શિવજીને કેટલીય સલાહ આપેલી અને છેલ્લે એ પોતાની મદદ નહિ જ કરે એમ માની દુઃખી થઈ ત્યાંથી નીકળી ગયેલા.

એ ઓફિસે જવા નીકળ્યા ત્યાં બસમાં બાજુની સીટમાં એમને એક યુવાન મળી ગયેલો. એ ફોન પર કોઈને કહી રહ્યો હતો કે ફલાણી કંપનીમાં રોકાણ કર વરસમાં રૂપિયા ડબલ થઈ જશે. ડબલ શબ્દ સાંભળી છગનભાઈના કાન ચમકેલા અને એમણે એ યુવાન સાથે એ મુદ્દે થોડી ચર્ચા કરેલી અને પછી એ શેરમાં રોકાણ કરેલું. એમના રૂપિયા ખરેખર વરસમાં ડબલ થઈ ગયેલા. એ જે અજાણ્યો યુવક બસમાં મળેલો એનું નામ હતું, શિવાય!

એકવાર છગનભાઈ સોફામાં બેઠાં બેઠાં એમનો દાંત ખોતરી રહ્યા હતા. એમની યુવાન દીકરી ટીવીમાં કોઈ કાર્યક્રમ જોઈ મલકાઈ રહી હતી અને છગનભાઈએ મનમાં કચવાટ કરતાં કહ્યું, હે ભોલેનાથ આ છોકરી પચીસ વરસની થઈ એને લાયક મુરતિયો ક્યારે મળશે? દેખાવે ભલે એ ઠીકઠાક હોય પણ સ્વભાવે ખરાં સોના જેવી છે. રૂપને બદલે એના ગુણ જોઈ શકે એવો કોઈ યુવક તું શા માટે નથી મોકલી આપતો? મારા જેવા મુફલિસ માણસનું ભગવાન પણ નથી સાંભળતો! એ બીનાને થોડાંક જ દિવસો વીત્યા હશે ત્યાં એક લગ્ન પ્રસંગે એમની મુલાકાત એક પંડિતજી સાથે થઈ હતી. એમણે એમની દીકરીને લાયક એક વાત દેખાડી. છોકરા છોકરી એકમેકને મળ્યાં અને તરત બધું ગોઠવાઈ ગયું. છોકરો છગનભાઈના વિચારવા કરતાંય વધારે શાલીન અને ગુણવાન નીકળેલો અને એમની દીકરી એની સાથે રાજી હતી. એ જે અજાણ્યા પંડિતજી એમને મળેલા એમનું નામ હતું ગૌરીશંકર!

એક દિવસે છગનભાઈને ઓફિસે જવાનું મોડું થઈ ગયેલું. એમની બસ જતી રહેલી અને બીજી આવી નહોતી રહી. એમણે બળતા જીવે શિવજીને ફરિયાદ કરતા કહેલું, તારી પાસે તો કેટકેટલા વાહન હશે મને કો'ક દીવસ તો લિફ્ટ આપ. એ અકળાઈને બસ સ્ટેન્ડ પર આંટા ફેરા મારી રહ્યા હતા ત્યાં જ એક બાઈક સવારની અડફેટે આવી જતાં માંડ બચેલા. છેલ્લે એ બાઈક સવારે એમને લિફ્ટ આપી છેક ઓફિસ સુધી પહોંચાડી દીધેલા, એ બાઈક સવારનું નામ હતું શિવમ!

એમના પત્ની સખત બીમાર પડી ગયેલા ત્યારે છગનભાઈએ આંસુભરી આંખે શિવજી આગળ હૈયા વરાળ ઠાલવતા કહેલું, 'તું કંઈ ના કરતો'. એ જ દિવસે બાજુના શહેરમાંથી આકસ્મિક મુલાકાતે ત્યાં આવી ગયેલા એક નિષ્ણાત ડોકટરે છગનભાઈની પત્નીનો કેસ જોઈ એમની સારવારમાં થોડો ફેરફાર સૂચવ્યો હતો અને એ પછી તે ઝડપથી સાજા થઈ ગયેલા. એ ડોક્ટરનું નામ જાણવાની જરૂર છે?

નાની નાની, રોજબરોજની ઘટના હોય કે પછી માથાના વાળ ઊભા કરી દે એવી મુસીબત આવી પડી હોય છગનભાઈએ એ દરેક ક્ષણે ભોલેનાથને યાદ કર્યા હતા. ક્યારેક ફરિયાદના સુરે તો ક્યારેક નિરાશ થઈનેય એમણે ભગવાનને સાથે રાખ્યા હતા અને તમે ભલે ગમ્મે તે કહો એમનું કામ થઈ ગયું હતું. ભગવાન સાક્ષાત મહાદેવ રૂપે ભલે ક્યારેય નહોતા આવ્યા પણ કોઈ ને કોઈ રૂપે એમણે મદદ ચોક્કસ મોકલી હતી.

તમે એ પરમ તત્વમાં વિશ્વાસ રાખો છો અને માનો છો કે એ છે, તમારો અવાજ એ સાંભળે છે, તો તમારી દરેક વિનંતી, દરેક પ્રાર્થનાનો જવાબ તમને સીધો ભગવાન પાસેથી મળી રહ્યો છે એવી અનુભૂતિ થશે. જો તમે એ પરમ શકિતમાં લગીરે વિશ્વાસ નથી રાખતા, હંમેશા એની આગળ તમારા મનની બળતરા કાઢ્યા કરો છો, બધાને સુખ છે અને એક તમારી સાથે જ એ અન્યાય કરે છે એમ કહી એને કડવા વેણ કહો છો ત્યારે પણ એ તમારી મદદ કરે છે. તમને ભલે એમની રીત સમજમાં ના આવે પણ જીવનમાં ઘણીબધી તકલીફ વેઠ્યા બાદ જો અચાનક બધું સરખું થવા લાગે, એની મેળે જ બધું ગોઠવાઈ જવા લાગે ત્યારે થોડુક સમજવાનો પ્રયાસ કરજો. તમારા કડવી વાણી સાંભળીને પણ એ પરમ તત્વએ તમારા માથેથી એનો હાથ નથી હટાવી લીધો.

આ દુનિયાનું રહસ્ય ખૂબ ગૂઢ છે. એ કોણ છે જે તમારા અંતરમાં બેઠું બોલી રહ્યું છે? એ કોણ છે જે તમારા મનની વાત સાંભળી રહ્યું છે? ક્યારેક અચાનક અણધારી મદદ મળી જાય છે અને કલ્પના પણ ના કરી હોય એવું સુંદર પરિણામ મળે છે તો ક્યારેક તનતોડ મહેનત કરી હોવા છતાં, બધું જ ગોઠવી રાખ્યું હોવા છતાં ઈચ્છિત ફળ કેમ નથી મળતું? આ બધા સવાલ ઉકેલવાની આપણી શક્તિ નથી, બીજા શબ્દોમાં કહું તો ફુરસદ કે સમય નથી, પણ એનો મતલબ એ નથી કે આ બધા સવાલો ખોટા છે. એ કોઈ નવરા માણસના ભેજાની નક્કામી ઉપજ હરગીજ નથી.

આજનો કોઈ ધર્મ એવો નહિ હોય જે તમને એમ કહે કે ચોરી કરો એમાં પાપ નથી. જુઠ્ઠું બોલી, બીજાને છેતરી તમે જલસાથી જીવો, ગમ્મે તે રીતે બસ જીવનનો આનંદ લો. જરૂર પડે દારૂ પીવો, નશીલા પદાર્થોનું સેવન કરો, છાકટા થઈ નાચો અને પછી ઈન્દ્રિય સુખ માણી બપોર થાય ત્યાં સુધી ઘોર્યા કરો...અને છતાં આવું કરવું એને આજના જમાનાની ખુશહાલ જિંદગી, કુલ લાઈફ, કહેવાય છે. આ કદાચ એક નવો જ ધર્મ અસ્તિત્વમાં આવી રહ્યો છે જે કહે છે કે બીજા કોઈ ધર્મનું પાલન ના કરો. ભોગ વિલાસમાં જિંદગી ખર્ચી નાંખો, તમારી પાસે સગવડ નથી તો જેની પાસે હોય એની પાસેથી એ ઝૂંટવી લો અને જીવનથી કંટાળી જાઓ એ દિવસે આત્મહત્યા કરી ખેલ ખલાસ કરી લો. જો કે મને પૂછવાનું મન થાય કે આવા જીવનમાં આત્મા જેવું કંઈ હોય છે ખરા! પહેલાં આત્મા મરી જતો હશે કે મનુષ્ય, કોને ખબર?

ખેર, આ બધી ચર્ચાનો કોઈ અંત નથી પણ એક વાત નક્કી કે એ પરમ તત્વ તમારો સાથ કદી નથી છોડતું. તમને જેવી જરૂર હશે એવા સ્વરૂપે એ આવી મળશે...હા, તમે એને ઓળખી નહિ શકો, કેમ કે તમારી એવી અદમ્ય ઈચ્છા નથી!

**અમસ્તું,**

આ પવિત્ર શ્રાવણ માસમાં એકવાર એ પરમ તત્વને પામવાની ઈચ્છા તો કરી જુઓ, શી ખબર ભોળાનાથ તમારું સાંભળી લે!

@Niyati Kapadia

# પરિસ્થિતિ ભલે નબળી ચાલે, પણ વિચારશક્તિ તો હંમેશાં મજબૂત જ હોવી જોઈએ...



લાગણીનો મેળો

રસિક વાળંદ

**ચાહ નહીં મૈં સુરબાલા કે ગહનોં મેં ગૂંથા જાઉં ,**
**ચાહ નહીં , પ્રેમી - માલા મેં, બિંધ પ્યારી કો લલચાઉ ,**
**ચાહ નહીં , સમ્રાટો કે શવ પર હે હરિ , ડાલા જાઉં ,**
**ચાહ નહીં , દેવો કે સિર પર ચઢું ભાગ્ય પર ઈઠલાઉ.**
**મુઝે તોડ લેના વનમાલી ! ઉસ પથ પર દેના તુમ ફેંક ,**
**માતૃભૂમિ પર શીશ ચઢાને , જિસ પર જાવેં વીર અનેક.**

**- માખનલાલ ચતુર્વેદી**

●●●

સૂર્યાસ્ત ટાણે રડી રહેલા મુરઝાતા પુષ્પને કો'ક માનવે પૂછ્યું : " અરે, તું આટલું સુંદર...કોમળ...સુવાસથી ભર્યું ભર્યું છતાં શા માટે રડે છે ?!" ફૂલ આંસુ લૂછતાં કહેવા લાગ્યું , મને દુઃખ એ વાતનું છે કે સાંજ પડશે ને મારું અસ્તિત્વ નષ્ટ થઈ જશે ! મારા છોડ પરના ફૂલની હજુ સુધી કોઈએ મહેંક માણી નથી, મારું ફૂલ આમ છોડ ઉપર જ કરમાઈ જશે તો મારા જીવ્યાનો શો અર્થ ?! " માનવે કહ્યું , જે ખીલે છે તે ખરે છે...ઉગે તે આથમે... આ તો કુદરતનો ક્રમ છે...નિયતિને સ્વીકારવી રહી..તું નાહક અફસોસ કરે છે.

ફૂલે કહ્યું , એ તો હુંય જાણું છું..પણ કોઈનાય કામમાં ન આવીએ ને આમ ડાળી પર જ ખીલીને ખરી જવાનું...બસ, આ જ જીવનનું લક્ષ્ય-કે - ઉદ્દેશ્ય ?!! માનવે કહ્યું , બોલ , તારે તારો ઉપયોગ કયાં કરવો છે ?ફૂલે કહ્યું, મારે કોઈનો ઉપકાર નથી જોઈતો.હું મારા પોતાના ગુણથી પ્રભુના ચરણે રહી શકું તેવું મ્હેંકદાર બનીશ.એ નહીં બને તો કોઈ કુવારીકા કે નવોઢાના માથાની વેણી બનીશ અને ત્યાં સ્થાન નહીં મળે તો કોઈની કબર પર હું અભિવાદન કરીશ પણ મારા ગુણો અને મારી મહેનતથી જ લોકોના હૈયામાં સ્થાન પામીશ.

માનવે કહ્યું , પણ છતાં તું સાંજ પડશે એટલે તો કરમાઈશ જ ને ... પછી બધાના હૈયામાંથી અલગ થવાનું તો છે જ .

ફૂલે કહ્યું, મને તેનો જરાયે રંજ નથી, કારણકે હું જીવતે જીવ કોઈના ખપમાં આવું તો મારું જીવ્યું સાર્થક સમજીશ.. પછી ભલે ને અલ્પ સમય માટે કેમ ન હોય..! ફૂલનો આત્મવિશ્વાસ જોઈ માણસ વિચારવા લાગ્યો કે હું પણ ખરેખરો માનવ બની જાઉં ને કોઈના કામમાં આવું. નહિતર મારો જન્મારો લાજે..!!

●●●

પુષ્પ કોને ન ગમે ?! પુષ્પ પ્રભુને પણ પ્રિય છે.તે પોતાની સૌરભ વાતાવરણ સભર બનાવે છે. પરમપિતા પણ માનવપુષ્પ પાસે એવી જ અપેક્ષા રાખતા હશે ને..! ખીલેલું ફૂલ તોડી પ્રભુને ધરવું એ તો શરૂઆત થઈ ગણાય પરંતુ માનવ પોતે વિશ્વોદ્યાનમાં પુષ્પ બની મહેંકી ઉઠે અને વિશ્વને સુરભિત - પુલકિત કરે એ ઈષ્ટ છે... પ્રભુને પુષ્પ ચડાવતી વખતે આટલું યાદ રહે તોય ઘણું..! પૂજ્ય દાદા કહેતા , આપણે આપણા કર્મપુષ્પ, ભાવપુષ્પ અને અંતે જીવનપુષ્પ પણ સુરભિત કરી પ્રભુને ધરવાનાં છે.

"એક જ અરમાન છે મને,
મારું જીવન સુગંધી બને !
ફુલડું બનું કે ભલે ધુપસળી થાઉં ,
આશા છે સામગ્રી પૂજાની થાઉં ;
ભલે કાયા આ રાખ થઈ શમે !..મારું."

પોતાના ક્ષણજીવી જીવનમાં સૌંદર્ય અને સુગંધ પ્રસરાવી જનાર નાનકડું પુષ્પ આપણને એક અનોખો સંદેશ આપી જાય છે. નિરર્થક દીર્ઘાયુ કરતાં સાર્થક સ્વલ્પ જીવન અતિ મહત્વનું છે.

દોસ્તો, પુષ્પ એટલે ... રંગ..સુગંધ...માર્દવ અને મકરંદ .

માનવનું જીવન રંગીન હોવું જોઈએ. બાહ્ય સૌંદર્ય જ નહીં ...આંતસૌંદર્ય ખીલવવાનું છે.દેહમંદિર તો સ્વસ્થ ને સુંદર હોવું ઘટે.મન - બુદ્ધિને ભક્તિનો રંગ ચડાવવો જોઈએ. આવા કૃતજ્ઞ લોકો જ જગતને નવો રંગ આપી શકે.રામ રંગે રંગાયેલ દાસ મારુતિ અને શ્યામ રંગે રંગાયેલ અર્જુન આજે પણ ઝંખવાયા નથી. અત્તરની સુગંધથી મ્હેંકવા કરતાં સદ્ ચારિત્ર્યની સુવાસથી મહેંકવું ઈષ્ટ છે.સત્કર્મોથી માનવ્યને મહેંકતું કરીએ એ જ જીવનની ફલશ્રુતિ..! ધુપસળીન જેમ જાત બાળીને જગતને સુવાસિત કરીએ. આ જ જીવન સાર્થકય. સેવાની સૌરભથી જીવનને પાવન કરીએ.

પુષ્પનું માર્દવપણું.. જીવન મૃદુ હોવું જોઈએ. વજ્ર થી કઠોર અને પુષ્પથી કોમળ બનતાં શીખવું જોઈએ. દ્રવંત લોખંડનું આયુધ ઘડાય..પાષાણનું નહીં.. દ્રવીત હૈયાનાં પ્રેમાશ્રુ તો મોતીબિંદુ ગણાય એ તો પાપ ધોવા સક્ષમ હોય છે.

પુષ્પનો ચોથો ગુણ.. મકરંદ. માનવે જ્ઞાનનો મકરંદ મેળવવો જોઈએ.અજ્ઞાની અથડાય..જ્ઞાની અભય હોય..વિકારમુક્ત હોય..ચિંતામુક્ત હોય..જ્ઞાન વિના મુક્તિ ન સંભવે. " સા વિદ્યા યા વિમુક્તયે " જીવતે જીવ મુક્તિ અનુભવીએ એ જ ખરું. મર્યા પછીની મુક્તિની લાલસા કેવી..!! જ્ઞાન તો માણસને ટટ્ટાર ઉભો રાખે..અહંકારથી નહીં... અસ્મિતાથી ભર્યો ભર્યો..આવાં નર - નારી અન્યોન્યની ન્યુનતા પુરનારાં હોય...હરીફ નહીં પૂરક હોય.ભણતર...ગણતર ...ને ઘડતર..માં પરિણમ્યુ હોય એ જ સાચું જ્ઞાન.

આપણે પુષ્પની જેમ ખુલતાં ને ખીલતાં શીખીએ તોય ઘણું...આપણે આપણા જીવનપુષ્પને ખીલવી સૃષ્ટિની શોભા વધારીએ એ જ સાચી પ્રભુપૂજા છે.

**સ્પર્શમણિ :-**

જ્ઞાન એટલે આપણે શું કરી શકીએ એનું ભાન..
અને ભાન એટલે ક્યારે શું ન કરવું એનું જ્ઞાન.

●●●

પરિસ્થિતિ ભલે નબળી ચાલે , પણ વિચારશક્તિ તો હંમેશાં મજબૂત જ હોવી જોઈએ...

- rasikvaland1965@gmail.com
9913426949